અપીલ અરજી નં.૨૬૮તા.૨૯–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી એસ ટી. કેળાવાલા
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ,(રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી એસ ટી. કેળાવાળાની તા.૧૭–૧૧–૦૮ની અરજીથી શહેર સુરતના મોજે ગામ અડાજણના રે.સ.નં.૨૩૦ ,ટીપી નં.૧૩, ફા.પ્લોટ નં.૪૯બી ચિત્રકુટ એપા.ના ફલેટ નં.૬એ, ટેના નં.૧૭બી–૦૮–૬૪૫૫–૦–૦૦૧ ના વેરાબીલોના માલિકી હકમાં નામફેર કરવાની મંજુરી બાબતની માહિતી આપવા બાબત

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૯–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૮/૨૦૦૮–૦૯

શ્રી એસ ટી. કેળાવાળાની તા.૧૭–૧૧–૦૮ની અરજીથી શહેર સુરતના મોજે ગામ અડાજણના રે.સ.નં.૨૩૦, ટીપી નં.૧૩, ફા.પ્લોટ નં.૪૯બી ચિત્રકુટ એપા.ના ફલેટ નં.૬એ, ટેના નં.૧૭બી–૦૮–૬૪૫૫–૦–૦૦૧ ના વેરાબીલોના માલિકી હકમાં નામફેર કરવાની મંજુરી બાબતની માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૭ તા.૨–૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ,(રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને વિશેષ કોઈ માહિતી મળ ેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરરજીમાં શહેર સુરતના મોજે ગામ અડાજણના રે.સ.નં.૨૩૦, ટીપી નં.૧૩, ફા.પ્લોટ નં.૪૯બી ચિત્રકુટ એપા.ના ફલેટ નં.૬એ, ટેના નં.૧૭બી–૦૮–૬૪૫૫–૦–૦૦૧ ના વેરાબીલોના માલિકી હકમાં નામફેર કરવાની અરજદારે તા.૨૯–૯–૦૫ ના રોજ આપેલ નોટીસ તથા તા.૩–૧૦–૦૮ ની ફરીયાદના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ કરેલ કાર્યવાહીને લગતી માહિતી પૂરી પાડવા જણાવેલ. અરજદારે તે બંન્ને અરજી વેસ્ટઝોન કચેરી ધ્વારા મળ યાના આધાર સહિતની નકલો અપીલ સાથે રજુ કરેલ છે. જાહેર માહિતી અધિકારીનાતરફથી અપીલના તબકકે પૂરક વિગતો મંગાવવા છતાં આ બાબતે તેમણે કોઈ કાર્યવાહી હાથ ધર્યાની વિગતો કે નહીં હાથ ધરવાના કારણો જણાવેલ નથી. તેટલું જ નહીં પરંતુ માહિતી આપવાની નિયત સમય અવધિ દિન–૩૦ માં પૂર્ણ થયા બાદ પણ અને અપીલના તબકકે પણ માહિતી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરાયાનું જણાયેલ નથી.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧–૧૨–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

અપીલના તબકકે અરજદારની અપીલનો ખર્ચ સામાવાળા કનેથી અપાવવા તથા સામાવાળા સમે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવા અંગેની દાદ બાબતે અનુક્રમે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૮) બી તથા ૨૦(૧) હેઠળ આ સત્તા નામદાર રાજય માહિતી આયોગ ગાંધીનગરને હોઈ તે અંગે અત્રેની કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર***
***પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી એસ ટી. કેળાવાળા (એડવોકેટ)